**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ વદ - ૦૯ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

જીવન તમને હંમેશા બીજો મોકો જરૂર આપે છે, જેને આપણે ઉગતી સવાર તરીકે ઓળખીયે છીએ!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૧૯ ● તારીખઃ ૦૯.૦૭.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# ઈન્ડોનેશિયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સાંસ્કૃતિક સ્વાગત



## રાષ્ટ્રપતિ પ્રબોવો સાથે ૯મી સદીના ઐતિહાસિક 'પ્રમ્બાનન શિવ મંદિર'માં કરી વિશેષ પૂજા-અર્ચના

**સમય સંદેશઃ ડેસ્ક**

ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચેના મજબૂત રાજદ્વારી અને સાંસ્કૃતિક સંબંધોમાં આજે એક નવો સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. પોતાની ત્રણ દિવસની સત્તાવાર ઇન્ડોનેશિયા યાત્રા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે યોગ્યાકાર્તામાં આવેલી પ્રખ્યાત યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ 'પ્રમ્બાનન મંદિર'ની મુલાકાત લીધી હતી. આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીનું ઇન્ડોનેશિયન પરંપરા મુજબ ગેમેલન સમૂહના સંગીત અને શાસ્ત્રીય યોગ્યાકાર્તા નૃત્ય પ્રદર્શન સાથે અત્યંત ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું, જે ઇન્ડોનેશિયાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવતું હતું.

બંને વૈશ્વિક નેતાઓએ ૯મી સદીના આ ભવ્ય અને વિશાળ મંદિર સંકુલની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન મોદીએ મંદિરના મુખ્ય હિસ્સા એવા ભવ્ય શિવ મંદિરમાં જઈને વિશેષ પ્રાર્થના અને પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ પીએમ મોદી અને રાષ્ટ્રપતિ પ્રબોવોએ આ પ્રાચીન મંદિરની દિવાલો પર કંડારેલી જટિલ અને અદ્ભુત કોતરણીને ખૂબ જ બારીકાઈથી નિહાળી હતી.

મુલાકાત બાદ એક સંયુક્ત નિવેદન જાહેર કરતા રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોએ જણાવ્યું હતું કે, પ્રમ્બાનન શિવ મંદિર એ ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે સદીઓ જૂના સભ્યતાના અતૂટ બંધનનું જીવંત પ્રતીક છે. તેમણે મંદિર સંકુલના વૈજ્ઞાનિક સંરક્ષણ અને પુનઃસ્થાપન કાર્યમાં ભારત સરકાર દ્વારા આપવામાં આવી રહેલા ટેકનિકલ અને આર્થિક સમર્થન બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું કે સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા બંને લોકશાહી દેશોને એક તાંતણે જોડતા મજબૂત સેતુ તરીકે કામ કરી રહ્યા છે.

બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુલાકાતને પોતાના માટે એક ઊંડો આધ્યાત્મિક અને ક્યારેય ન ભૂલાય તેવો યાદગાર અનુભવ ગણાવ્યો હતો. તેમણે આશરે બાર સદીઓથી આ ભવ્ય હિન્દુ વારસાને અત્યંત પ્રેમ અને આદરપૂર્વક સાચવી રાખવા બદલ ઇન્ડોનેશિયાના નાગરિકોની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પુનઃસ્થાપન પ્રોજેક્ટ બંને દેશોના લોકો-થી-લોકોના સંબંધોને વધુ ગાઢ બનાવશે. અંતમાં, તેમણે ઇન્ડોનેશિયાની ધરતી પર મળેલા અદ્ભુત આતિથ્ય સત્કાર બદલ રાષ્ટ્રપતિ પ્રબોવોનો વિશેષ આભાર માન્યો હતો.

# આતંકવાદી નેટવર્ક અને ઓનલાઈન કટ્ટરપંથીકરણ સામે NIAની મોટી કાર્યવાહીઃ નવી મુંબઈ-પનવેલમાં દરોડા

**સમય સંદેશઃ મુંબઈ**

ભારતમાં આતંકવાદી ગતિવિધિઓ અને ઓનલાઈન કટ્ટરપંથીકરણ (રેડિકલાઈઝેશન) સામે રાષ્ટ્રીય તપાસ એજન્સીએ એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. બુધવારે કેન્દ્રીય તપાસ એજન્સીએ સ્થાનિક પોલીસની મદદથી નવી મુંબઈ અને પનવેલના અનેક સંવેદનશીલ વિસ્તારોમાં એકસાથે દરોડા પાડ્યા હતા. આંધ્રપ્રદેશથી ઓપરેટ થતા ઇસ્લામિક સ્ટેટ અને અલ-કાયદાના ઓનલાઈન કાવતરાના કેસના સંબંધમાં આ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું.

જોકે, એનઆઈએ દ્વારા સત્તાવાર રીતે કોઈ ધરપકડની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર પૂછપરછ માટે પનવેલમાંથી એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે અને તેનો કબજો કેન્દ્રીય એજન્સીએ લીધો છે. આ દરમિયાન અન્ય એક મુખ્ય શંકાસ્પદ ફરાર થઈ જવામાં સફળ રહ્યો છે, જેને શોધવા માટે ચક્રો ગતિમાન કરાયા છે.

આ હાઈ-પ્રોફાઈલ કેસના મૂળ આંધ્રપ્રદેશ પોલીસની તપાસ સાથે જોડાયેલા છે. થોડા મહિના પહેલા આંધ્રપ્રદેશ પોલીસે પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે કથિત સંબંધો ધરાવતા ૧૨ લોકોની ધરપકડ કરી હતી. આ આરોપીઓની આકરી પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, પનવેલના રહેવાસી એવા બે અન્ય શખ્સો પણ આ આતંકી નેટવર્ક સાથે સીધા જોડાયેલા છે. આ મજબૂત કડીઓ અને પુરાવાઓના આધારે જ NIAએ બુધવારે પનવેલમાં ધામા નાખીને દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઓપરેશન દરમિયાન અધિકારીઓએ શંકાસ્પદ સ્થળોએથી અનેક ડિજિટલ ઉપકરણો (મોબાઈલ, લેપટોપ) અને વાંધાજનક સામગ્રી જપ્ત કરી છે, જેનું હાલ ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, આ ખતરનાક મોડ્યુલનું નેતૃત્વ મુખ્ય આરોપી મોહમ્મદ રહેમતુલ્લાહ શરીફ, મોહમ્મદ દાનિશ અને મિર્ઝા સોહેલ કરી રહ્યા હતા. આ ત્રણેય માસ્ટરમાઇન્ડ એન્ક્રિપ્ટેડ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને બંધ ઓનલાઈન ગ્રૂપ્સનો ઉપયોગ કરીને દેશના ભોળા અને નબળા યુવાનોને ટાર્ગેટ

અનુ પાના નં.૨ પર

# પોરબંદરના ધરમપુર નજીક નેવીનું UAV ક્રેશઃ કોઈ જાનહાનિ નહીં

## નિયમિત ઉડાન દરમિયાન ટેકનિકલ ખામી સર્જાઈ હોવાની આશંકાઃ સેના અને સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારને કોર્ડન કર્યો





**સમય સંદેશઃ પોરબંદર**

પોરબંદર જિલ્લાના ધરમપુર ગામ નજીક આવેલા નેશ વિસ્તારમાં ગઈકાલે ભારતીય નૌસેનાનું એક અનઆર્મ્ડ અનમેન્ડ એરિયલ વેહિકલ (UAV) અચાનક તૂટી પડ્યું હતું. ડ્રોન નીચે પટકાવવાના જોરદાર અવાજને કારણે સ્થાનિક ગ્રામજનોમાં થોડા સમય માટે ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ઈજા થવા પામી નથી, જેને પગલે તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

પ્રાથમિક અહેવાલો અનુસાર, નૌસેનાનું આ અત્યાધુનિક UAV પોતાની નિયમિત તાલીમ અથવા ઉડાન પર હતું, તે દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. આ ક્રેશ પાછળ કોઈ ટેકનિકલ ખામી, ખરાબ હવામાન કે અન્ય કોઈ પરિબળ જવાબદાર છે કે કેમ તે અંગે નૌસેના દ્વારા ઉચ્ચસ્તરીય તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. બોર્ડ ઓફ ઈન્ક્વાયરીના રિપોર્ટ બાદ જ

અનુ પાના નં.૨ પર

# ખંભાળિયાના વેપારીની ૨૪.૫૦ લાખની સોનાની લૂંટ અને હત્યાના કાવતરામાં મદદગારી કરનાર ત્રીજો આરોપી પકડાયો



**સમય સંદેશઃ ખંભાળિયા**

દ્વારકાના ખંભાળિયામાં વેપારી પાસેથી ૩૫ તોલા સોનાના દાગીનાની લૂંટ અને હત્યા નિપજાવવાના કાવતરાના ગંભીર ગુનામાં ખંભાળિયા પોલીસે મદદગારી કરનાર ત્રીજા આરોપીની ધરપકડ કરી છે.

તા. ૦૨/૦૮/૨૦૨૫ ના રોજ ખંભાળિયાના વિરમવળ રોડથી વિંઝળપર ગામ તરફ જતા કાચા રસ્તા પર આવેલ અરજણાસર તળાવ પાસેના અંતરિયાળ વિસ્તારમાં આ ઘટના બની હતી. આરોપીઓએ વેપારી આસિફભાઈ ઓસમાણભાઈ લાખાના શરીરે પહેરેલા આશરે ૩૫ તોલા સોનાના દાગીના જેની બજાર કિંમત આશરે ૨૪,૫૦,૦૦૦ થાય છે, તેને લૂંટવાના ઈરાદે તેમની હત્યા નિપજાવવાનું કાવતરું ઘડ્યું હતું.

રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલિપ્ત રાય અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાના માર્ગદર્શનમાં તેમજ ખંભાળિયા વિભાગના ડીવાયએસપી મીત રૂદલાલના દેખરેખ હેઠળ તપાસ દરમિયાન ખુલ્યું કે આ કાવતરામાં ૩ લોકો સામેલ હતા.

હાજા ભરમલભાઈ આસાણી અને આરોપી નં.૨ સગીરે મળીને લૂંટ અને હત્યાની પૂર્વ યોજના બનાવી હતી. જ્યારે હવે ઝડપાયેલ આરોપી રવી સુરાભાઈ ગામાણી, રહે. ગુલાબ નગર ટેકરી, પોરબંદર રોડ, ખંભાળિયાએ ગુનાને અંજામ આપ્યા બાદ લાશને સંગેવગે કરવા અને પુરાવાનો નાશ કરવામાં મદદગારી કરવાની જવાબદારી લીધી હતી.

આ સમગ્ર મામલે ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં ઇગજ કલમ ૧૦૩(૧), ૩૦(૫), ૬૧ અને GP ACT કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો રજી. નં. ૧૧૨૦૨૦૦૯૨૫૦૩૨૯૨૦/૨૦૨૫ નોંધવામાં આવ્યો છે. અગાઉ આ કેસમાં ૨ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી હતી.

આરોપી રવી પાસેથી ગુનામાં ઉપયોગ કરાયેલો મુદ્દામાલ પણ કબ્જે કરવામાં આવ્યો છે જેમાં એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત ૫,૦૦૦ લીલા રંગની મો.સા. રજી. નં. GJ-૧૦-DM-૮૩૮૯, કિંમત ૨૫,૦૦૦ મળી કુલ ૩૦,૦૦૦ નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે.

અનુ પાના નં.૨ પર

# રામ મંદિરના વિવિધ આયોજનોમાં થયેલા ૧૨૫ કરોડના ખર્ચની તપાસ શરૂ

## પ્રાણ પ્રતિષ્ઠાથી લઈને મહાકુંભ સુધીની વ્યવસ્થાઓ રડારમાંઃ ટેન્ટ અને શામિયાણા પાછળ સૌથી વધુ ૩૬ કરોડનો ખર્ચઃ રામ મંદિરના નામે નકલી રસીદ બનાવી ચંદો ઉઘરાવવાનું કૌભાંડ

**સમય સંદેશઃ અયોધ્યા**

રામ મંદિર દાન ચોરી કેસની તપાસ કરી રહેલી SITએ હવે પોતાનો તપાસનો વ્યાપ વધારીને ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલા વિવિધ મોટા ખર્ચાઓ પર નજર કેન્દ્રિત કરી છે. રામ મંદિરના અલગ-અલગ કાર્યક્રમો પાછળ ખર્ચાયેલા અંદાજે ૧૨૫ કરોડ રૂપિયાના હિસાબ-કિતાબની સમીક્ષા કરવામાં આવશે. એજન્સી દ્વારા છેલ્લા અઢી વર્ષના ઓડિટ રિપોર્ટ્સ, ખર્ચની અસલ રસીદો અને નાણાકીય લેવડ-દેવડના દસ્તાવેજોની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

આ ઓડિટ અને તપાસ અંતર્ગત રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, મહાકુંભની વિશેષ વ્યવસ્થાઓ અને ધ્વજારોહણ જેવા ભવ્ય કાર્યક્રમોમાં થયેલા ખર્ચનો સમાવેશ થાય છે. આ આયોજનોમાં નાણાકીય ગેરરીતિઓ થઈ હોવાની આશંકાઓને પગલે SITએ ટ્રસ્ટ પાસે વિગતવાર હિસાબ માગ્યો છે. ભીડ નિયંત્રણ અને ટેન્ટ સિટી ઊભી કરવા પાછળ થયેલા મોટા નાણાકીય વ્યવહારો પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

ટ્રસ્ટના સત્તાવાર ઓડિટ રિપોર્ટ અનુસાર, વિવિધ કાર્યક્રમોમાં ટેન્ટ અને શામિયાણાની વ્યવસ્થા માટે અંદાજે ૩૬ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. આ ઉપરાંત અક્ષત પૂજનમાં ૩૧ કરોડ, પ્રચાર-પ્રસાર અને બેનર્સ માટે ૨૧ કરોડ, સજાવટ પાછળ ૧૫ કરોડ તેમજ ભોજન-પીણાંની વ્યવસ્થા માટે ૫ કરોડ રૂપિયાનો ખર્ચ દર્શાવાયો છે. જયારે પ્રથમ વાર્ષિકોત્સવ, મહાકુંભની વધારાની વ્યવસ્થા અને ધ્વજારોહણના કાર્યક્રમો પાછળ પણ કરોડો રૂપિયા ખર્ચાયા છે. ખર્ચની તપાસની સાથે-સાથે રામ મંદિરના નામે ચાલતા એક મોટા નકલી રસીદ

અનુ પાના નં.૨ પર

# ભારે વરસાદ વચ્ચે પુનામાં ઈમારત ધરાશાયી, ૧૬ લોકો ફસાયા



**સમય સંદેશઃ પુણે**

પિંપરી-ચિંચવડમાં કચરાથી ઉર્જા પ્લાન્ટની એક ઈમારત ધરાશાયી થઈ છે. સોળ લોકો ફસાયા હોવાની આશંકા છે, જ્યારે એક વ્યક્તિને ગંભીર ઇજા પહોંચી છે અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. અહેવાલો દર્શાવે છે કે કચરાનો ઢગલો કચરાના ડેપોની બાજુમાં આવેલા પ્લાન્ટ પર પડતાં ઇમારત ધરાશાયી થઈ ગઈ. હારાષ્ટ્રમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. આ દરમિયાન પુણેમાં એક અણધારી અને દુઃખદ ઇમારત ધરાશાયી થવાની ઘટના બની. પુણે જિલ્લાના

અનુ પાના નં.૨ પર

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરત અને વલસાડના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે



**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતમાં પ્રવર્તી રહેલી ભારે વરસાદની સ્થિતિ અંગે ગઈકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક મળી હતી. આ બેઠકમાં વરસાદી પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, પ્રવર્તમાન સ્થિતિનો પ્રત્યક્ષ તાગ મેળવવા અને રાહત-બચાવ કામગીરીનું નિરીક્ષણ કરવા મુખ્યમંત્રી આજે (ગુરૂવારે) સુરત અને વલસાડ જિલ્લાની રૂબરૂ મુલાકાત લેશે. આ ઉપરાંત તમામ વરસાદ ગ્રસ્ત વિસ્તારોમાં જે-તે જિલ્લાના સ્થાનિક અને પ્રભારી મંત્રીઓને પણ સ્થળ મુલાકાત લઈ વહીવટી તંત્રની સજ્જતાની સમીક્ષા કરવા આદેશ અપાયા છે.

પર્યાવરણ અનુકૂળ પરિવહનને વેગ આપવાના ઉદ્દેશ્યથી ગઈકાલની બેઠકમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ ગુજરાત માટે એક સુદ્રઢ અને સર્વગ્રાહી 'EV ચાર્જિંગ સ્ટેશન' પોલિસી તૈયાર કરવા માટે

અનુ પાના નં.૨ પર

# કોલકાતામાં મમતા બેનજીર્ની રેલી દરમિયાન TMC-BJPના કાર્યકર્તાઓ વચ્ચે હિંસક સંગ્રામ

## મમતા બેનર્જી પોલીસ પર ભડક્યાઃ 'કોર્ટના આદેશ છતાં સુરક્ષા આપવામાં નિષ્ફળ'





**સમય સંદેશઃ કૉલકાતા**

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનજીર્ની આગેવાનીમાં યોજાયેલી રેલી દરમિયાન ભારે હોબાળો અને હંગામો સર્જાયો હતો. બાલીગંજ ફાડીથી હાજરા મોડ સુધી જઈ રહેલી આ રેલી દરમિયાન TMC અને ઈઉઁના કાર્યકર્તાઓ સામસામે આવી ગયા હતા. બંને પક્ષના સમર્થકો વચ્ચે ઉગ્ર બોલાચાલી, ધક્કામુક્કી અને હિંસક ઝપાઝપી થઈ હતી અને એકબીજા વિરૂદ્ધ 'ચોર-ચોર' ના નારા લગાવવામાં આવ્યા હતા. પરિસ્થિતિ વણસતાં સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને મોરચો સંભાળ્યો હતો અને બંને પક્ષોને અલગ કરી મામલો શાંત પાડ્યો હતો. મમતા બેનર્જીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, કોલકાતા હાઈકોર્ટે અમારી આ રેલીને કાયદેસરની મંજૂરી આપી હતી, તેમ છતાં ભાજપના લોકોએ તેને બળજબરીપૂર્વક રોકવાનો પ્રયાસ કર્યો છે. તેમણે ઉમેર્યું કે, ભાજપના કાર્યકર્તાઓએ મહિલાઓ, યુવાનો

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### વરસાદ અને જળ સંગ્રહ !

ગુજરાતમાં ચેક ડેમ લાખોની સંખ્યામાં છે. એ ચેક ડેમ અત્યારે ભરાઈ તો જાય છે પણ થોડા દિવસોમાં ખાલી થઈ જાય છે કારણ કે જમીન પાણી શોષી લે છે. એ પાણી ટકે એટલો ઉપરવાસનો વરસાદ હોય તો જ ચેક ડેમ કામમાં આવે. શહેરોની સ્થિતિ જુદી છે. અનેકાનેક સોસાયટીઓમાં પોતપોતાના પાણીના બોર છે. હવે આ બોરના તળમાં પાણી આવવા માટે વસાહતોની નજીકમાં ખુલ્લા મેદાનો હોવા જોઈએ. પાણીના બોર માટેના એ કમાન્ડ પ્લોટ કહેવાય. પરંતુ હવે તો દરેક શહેરોમાં એક પછી એક અડોઅડની સોસાયટીઓ અને ફ્લેટ પરિસર બની ગયા છે એટલે બોરમાં પાણી આવવાના બધા ભૂગર્ભ રસ્તાઓ બંધ થઈ ગયા છે. એટલે સારો વરસાદ હોય તોય પાણી ઉપરથી જ વહી જાય છે ને બોર ખાલી રહી જાય છે. ગુજરાતમાં પાણીના ટેન્કરોનો વ્યાપાર વિસ્તરવાના આ જ કારણો છે. અત્યારે ગુજરાતના આકાશ પર બંગાળના અખાતના હવાના હળવા દબાણથી એકીકૃત થયેલા વાદળો પવનના પ્રવાહે પશ્ચિમ ભારત પર છવાયેલા છે તેનો લાભ મળે છે. સામાન્ય રીતે તો હજુ બંગાળના અખાતમાંથી આવા બે – ત્રણ રાઉન્ડ આવવાની ગણતરી હોય છે પરંતુ આ વખતે અલનિનોની આંશિક અસર હોવાથી એ આવે તો આવે. આ વખતના ચોમાસાનો ખરો આધાર હવે પછીના વરસાદના રાઉન્ડ પર છે. છતાં ગુજરાતના જે એકવીસ તાલુકાઓમાં સાવ અછતની પરિસ્થિતિ હતી તે યાદી હવે ટૂંકી થઈ ગઈ છે. એનાથી સરકારના કરોડો રૂપિયા બચી ગયા છે. છતાંય ચોમાસાના ખરેખરા પરિપાકનો અંદાજ બાંધવાનો આ સમય નથી. કેરળનું ચોમાસું, બંગાળનો અખાત ઉપરાંત ગુજરાતની ભાગ્યરેખાનો વધુ એક આધાર નૈઋત્યના પાછા ફરતા મોસમી પવનો છે. એ પવન પાછલા વરસોની તુલનામાં ધીમા પડતા જાય છે એ જ કારણે પૂર્વોત્તર ભારતમાં જે વધુ પડતો વરસાદ છે એમાં મધ્યપ્રદેશ અને ગુજરાતના 'ભાગ'નો વરસાદ પણ ત્યાં નજીકમાં જ વરસી પડે છે અને આપણા ખેતરો રાહ જોતાં રહી જાય છે. છેલ્લા બેત્રણ દિવસથી પૂર્વોત્તર ભારત પર બારેય મેઘ ખાંગા થઈને તૂટી પડયા છે. આ પરિવર્તન જોખમી છે અને સરકારે એને સમજવું જરૂરી છે. કેન્દ્ર સરકારે એના છેલ્લા બજેટમાં એવી વાત કરી તો છે કે દેશમાં જેટલી સિંચાઈ યોજનાઓ અધૂરી છે તે ઝડપથી પૂરી કરવામાં આવશે. આભનો એ ગાભ ખાલી ન થતો તે છેક રાજસ્થાન અને પાકિસ્તાન પર પણ એ વરસાદ પડતો. હવે તો કેરળથી સહેજ આગળ વધે ત્યાં એ વાદળાઓ ખાલી થઈ જાય છે.




# જામનગરની ગ્રામ્ય વિકાસ એજન્સ કાર્યાલયમાં આગ ભભૂકી ઉઠી

## મહત્વના દસ્તાવેજો ભસ્મિભૂત થાય તે પહેલાં ફાયરે આગને કાબૂ કરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના લાલ બંગલા વિસ્તારમાં આવેલી જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સી (ડી.આર.ડી.એ.) ની ઓફિસમાં આજે સવારે છત પર લગાવેલો ઈલેક્ટ્રિક ફેન અચાનક શોર્ટ સર્કિટના કારણે સળગી ઊઠ્યો હતો. સળગતો ફેન નીચે પડેલી ખુરશી પર પડતાં ખુરશીમાં પણ આગ લાગી હતી અને ઓફિસમાં આગના લબકારા અને ધુમાડાના ગોટેગોટા ફેલાતા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક




સ્થળ પર પહોંચી હતી. ફાયર કર્મચારીઓએ સળગી રહેલી ખુરશી અને પંખાને બહાર કાઢી આગ પર ઝડપથી કાબૂ મેળવી લીધો હતો. જેના કારણે આગને વધુ પ્રસરી જતી અટકાવવામાં સફળતા મળી હતી.

આ ઓફિસમાં લાકડાનું ફર્નિચર, મહત્વના સરકારી દસ્તાવેજો તેમજ અન્ય સામગ્રી રાખવામાં આવેલી હતી. ઉપરાંત ઓફિસની ઉપર જિલ્લા કલેક્ટરનું સરકારી નિવાસસ્થાન આવેલું હોવાથી જો થોડો પણ વિલંબ થયો હોત તો આગ સમગ્ર ઓફિસમાં પ્રસરી ઉપર આવેલા નિવાસસ્થાન સુધી પહોંચી મોટા પ્રમાણમાં નુકસાન સર્જી શકી હોત.

ફાયર વિભાગની સમયસૂચક અને ઝડપી કામગીરીના કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને આગના કારણે મર્યાદિત નુકસાન થયું હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે.

# રાજાધિરાજ દ્વારકાધીશને ચંદન વાઘા સાથેનો ગ્રીષ્મકાલીન પુષ્પશૃંગાર

## ગરમીની ઋતુને અનુરૂપ ચંદનના લેપ અને શિતળ વસ્ત્રોમાં શ્રીજીનો અલૌકીક શણગારઃ દર્શનનો લાભ લેવા ભાવિકોની ભીડ



**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ભગવાન દ્વારકાધીશને ઋતુ અનુસાર ચંદન વાઘાનો વિશેષ શૃંગાર કરવામાં આવ્યો હતો. હાલમાં ગ્રીષ્મકાળમાં શ્રીજીને ગરમીની ઋતુ અનુસાર ચંદનના લેપ સાથે વિશિષ્ટ પુષ્પ શૃંગાર યોજવામાં આવી રહ્યા છે.

રાજાધિરાજ સ્વરૂપને બદલે ઠંડક આપતા વસ્ત્રો પરિધાન કરાવવામાં આવી રહ્યા છે. ગઈકાલે મંગળવારે સાંજના સમયે ઠાકોરજીને યોજાયેલા વિશિષ્ટ ચંદન વાઘા સાથેના પુષ્પશૃંગાર મનોરથનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

# કલ્યાણપુરના કાનપર શેરડીમાં યુવકે પત્નીના વિયોગમાં જિંદગી ટૂંકાવી લીધી

## બે મહિના પહેલાં પત્નીએ પણ ગળાફાંસો ખાધો હતોઃ ખંભાળિયામાં પાંચ વર્ષથી રિસામણે બેઠેલી પરિણીતાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકામાં રહેતા પ્રતાપભાઈ જેઠાભાઈ માતંગ નામના ૩૩ વર્ષના યુવાનના ધર્મપત્ની રાણીબેને ગત તા. ૧૦ મે ના રોજ કાનપર શેરડી ગામે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ બાદ પ્રતાપભાઈ સતત ઉદાસ રહેતા હોય અને તેમના પત્નીની યાદ તેમને અવિરત રીતે આવતી હતી. આનાથી વ્યથિત બનેલા પ્રતાપભાઈએ ગઈકાલે મંગળવારે કાનપુર શેરડી ગામે ગળાફાંસો ખાઈ લેતા તેમનું પણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના નાનાભાઈ ભરતભાઈ જેઠાભાઈ માતંગએ કલ્યાણપુર પોલીસને કરી છે.

આત્મઘાતના બીજા બનાવમાં ખંભાળિયામાં કુંભાર પાડો વિસ્તારમાં રહેતા સાયરાબાનુ ઈરફાનભાઈ ભાયા નામના ૨૬ વર્ષના પરિણીત મહિલા છેલ્લા આશરે પાંચેક વર્ષથી તેમના પિયરના ઘરે રિસામણે હતા. તે દરમિયાન કોઈ અગમ્ય કારણસર ગઈકાલે મંગળવારે તેમણે અહીં પોતાના હાથે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લેતા તેણીનો નિષ્પ્રાણ દેહ સાંપળ્યો હતો. આ બનાવની જાણ ગફારભાઈ અલ્લારખાભાઈ મોવરએ અહીંની પોલીસને કરી છે.

### દ્વારકા નજીક બુલેટની ટ્રક સાથે ટક્કરઃ ટ્રક ચાલક સામે ફરિયાદ

દ્વારકા તાલુકાના વરવાળા ગામે રહેતા રેહાન જુમાભાઈ ઢોકી નામના ૧૮ વર્ષના યુવાન તેમના મિત્ર સાથે જી.જે. ૩૭ એ.એ. ૮૬૯૨ નંબરના બુલેટ મોટરસાયકલ પર બેસીને રૂપેણબંદરથી વરવાળા જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં પાસ્તા પેટ્રોલ પંપ પાસે પહોંચતા આ માર્ગ પર નડતરરૂપ અમે માનવ જિંદગી જોખમાય તે રીતે પડેલા જી.જે. ૨૫ ટી. ૬૮૩૧ નંબરના એક ટ્રકની પાછળના ભાગે કોઈ રેડિયમ પટ્ટી કે લાઈટ ન હોવાથી રેહાનનું બુલેટ આ ટ્રક સાથે અથડાઈ પડ્યું હતું. જેના કારણે રેહાન સહિત બંનેને હેમરેજ તેમજ ફ્રેકચર જેવી ઈજાઓ થવા પામી હતી. આ બનાવને અનુલક્ષીને દ્વારકા પોલીસે ટ્રક ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

# ખંભાળિયાના જામ સલાયામાંથી ચાર જુગારિયા આબાદ ઝડપાયા

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલા તળાવની પાળ પાસે બેસીને ગંજીપાના વડે જુગાર રમી રહેલા હસન ઈશાક ગંઢાર, આમીન ઈસ્માઈલ બેલાઈ, બિલાલ ઈશાક ગંઢાર અને સમસુદ્દીન હુશેન સંઘાર નામના ચાર શખ્સોને ઝડપી લઇ, રૂપિયા ૧૧,૦૮૦ ની રોકડ રકમ અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૩૧,૦૮૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ આગળની કાર્યવાહી કરી હતી.

# ભાણવડ પંથકની પરિણીતાને ત્રાસ આપતા સાસરિયાઓ સામે ફરિયાદ

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડના પાછતરડી ગામે રહેતી અને સરમણભાઈ રાજાભાઈ કોડીયાતરની ૩૨ વર્ષની પરિણીત પુત્રી રંભીબેન કારાભાઈ રાડાને તેણીના લગ્નજીવન દરમિયાન છેલ્લા છ વર્ષથી પોરબંદરના છાયા વિસ્તારમાં રહેતા રીણાભાઈ ઉર્ફે ભદાભાઈ દેવરાજભાઈ રાડા, સંતોકબેન રીણાભાઈ રાડા તેમજ રાજા દેવરાજભાઈ, દેવીબેન રાજાભાઈ, દુદા દેવરાજભાઈ અને સાજણબેન દુદાભાઈ રાડા નામના છ સાસરિયાંઓએ તેમને અવારનવાર ઘરકામ બાબતે શારીરિક તથા માનસિક દુઃખત્રાસ આપી, બેફામ માર માર્યાની ફરિયાદ અહીંના મહિલા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જેને અનુલક્ષીને આગળની તપાસ પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરના વરિષ્ઠ પત્રકાર ગિરીશભાઈ ગણાત્રાના માતાનું અવસાનઃ આજ તા.૯ના સાંજે પ્રાર્થનાસભા



**સમય સંદેશઃ જામનગર**

ગં.સ્વ.મંગળાબેન વસંતરાય ગણાત્રા (ઉ.વ.૯૦) તે ગિરીશભાઈ ગણાત્રા (પત્રકાર), પરેશભાઈ અને નયનાબેન રમેશકુમાર બદિયાણીના પિતા તેમજ પાર્થ અને વિરાજ તથા વિભાબેન રામકુમાર ભાયાણી (જામનગર) અને યેશાબેન સ્વપનીલકુમાર ઠકકર (હાલ: ઓસ્ટ્રેલીયા)ના દાદીમા તથા મંગલદાસ દ્વારકાદાસ મોદી (જામખંભાળીયા)ના બહેન તા.૭ના રોજ અવસાન પામ્યા છે. સદગતની પ્રાર્થનાસભા અને પિયર પક્ષની સાદડી આજ તા.૯-૭-૨૦૨૬ના ગુરૂવારે સાંજે ૪-૩૦ થી ૫-૩૦ દરમ્યાન લેઉવા પટેલ સમાજ (રણજીતનગરદ્વએ.સી.હોલ, પ્રથમ માળ) ખાતે રાખવામાં આવી છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### ૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

(પાના નં. ૪ થી આગળ)

જોઈને કારનો ચાલક નાસી છૂટ્યો હતો. પોલીસે કારમાંથી રૂ. ૧,૨૦,૦૦૦ ની કિંમતનો ૬૦૦ લિટર દેશી દારૂ અને રૂ. ૨,૦૦,૦૦૦ ની કિંમતની સ્વીફ્ટ કાર મળી કુલ રૂ. ૩,૨૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કામગીરીમાં સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. દિવ્યરાજસિંહ જાડેજા સહિતના કર્મચારીઓ જોડાયા હતા અને ફરાર ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### દંપત્તિ ઘવાયું

(પાના નં. ૪ થી આગળ)

બનાવ અંગે સીટી ''એ'' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ હેઠળ ગુનો નોંધી ફરાર કારચાલકને ઝડપી પાડવા તથા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### જામનગરની પરિણીતા

(પાના નં. ૪ થી આગળ)

મથકે અરજી કરવામાં આવી હતી અને કાઉન્સેલિંગની પ્રક્રિયા પણ હાથ ધરાઈ હતી. જોકે સમાધાન ન થતાં પરિણીતાએ પોતાની માતા સાથે મહિલા પોલીસ મથકે હાજર રહી પતિ, સાસુ, સસરા, નણંદ અને દિયર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### લોખંડના પતરા

(પાના નં. ૪ થી આગળ)

જામજોધપુર પોલીસને જાણ કરતાં પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૯૪ મુજબ અકસ્માતે મૃત્યુનો દાખલો નોંધ્યો છે. આ બનાવ અંગે વધુ તપાસ એ.એસ.આઈ. એલ.આર. ચાવડા ચલાવી રહ્યા છે.

### કામદાર રાજ્ય વિમા

(પાના નં. ૪ થી આગળ)

અમદાવાદ જવું પડતું હતું તેને બદલે હવે આ ઓફિસે રાજકોટ ખો સ્થાપિત થવાથી વેપારીઓ તથા ઉદ્યોગકારોને રાહત મળશે તેવી ખાત્રી છે. જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની રજૂઆતને સફળતા મળી છે. જામનગર ચેમ્બર દ્વારા કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા તથા હાલાર ના સાંસદ પૂનમબેન માડમનો આભાર વ્યકત કરવામાં આવ્યોછે.

### શાળાની ઈમારત

(પાના નં. ૩ થી આગળ)

સીધેસીધું શિક્ષણના વ્યાપારીકરણને પ્રોત્સાહન આપવાનું અને સરકારી શાળાઓને તાળા મરાવવાનું સરકારી ષડયંત્ર છે.

વધુમાં હેમંત ખવાએ સરકાર પર પ્રહાર કરતા સવાલો ઉઠાવ્યા છે કે, પ્રવેશોત્સવના તાયફા પાછળ જે કરોડો રૂપિયાનો ધૂમાડો કરાયો, તેમાંથી ગજણા ગામ જેવી શાળાઓને કાયમી શિક્ષકો કેમ ન મળ્યા? 'ભણશે ગુજરાત, આગળ વધશે ગુજરાત' જેવા નારાઓ આપતી સરકાર ગુજરાતના અંતરિયાળ ગામડાઓના બાળકોને રામભરોસે કેમ મૂકી રહી છે? જ્ઞાન સહાયક કે પ્રવાસી શિક્ષકોના નામે પાંખા વેતનથી યુવાનોનું શોષણ કરવાને બદલે કાયમી અને લાયક શિક્ષકોની ભરતી કેમ કરવામાં આવતી નથી?

### ધરમપુર નજીક નેવી

(પાના નં. ૧ થી આગળ)

અકસ્માતનું સાચું કારણ સ્પષ્ટ થશે. ઘટનાની જાણ થતાં જ ભારતીય નૌસેનાના અધિકારીઓ, સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ધરમપુરના ઘટનાસ્થળે દોડી ગઈ હતી. સુરક્ષા અને ગુપ્તતાના ભાગરૂપે સેના દ્વારા સમગ્ર વિસ્તારની કિલ્લાબંધી (કોર્ડન) કરી દેવામાં આવી હતી અને સામાન્ય લોકોને કાટમાળથી દૂર રાખવામાં આવ્યા હતા. હાલ નૌસેનાના ટેકનિકલ નિષ્ણાતો દ્વારા ગ્અટના કાટમાળને એકત્રિત કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

### આતંકવાદી નેટવર્ક

(પાના નં. ૧ થી આગળ)

કરતા હતા અને તેમને આતંકવાદ તરફ ધકેલવા માટે બ્રેઈનવોશ કરતા હતા. આ આરોપીઓએ કથિત રીતે ''અલ મલિક યુથ ઇસ્લામિક કમિટી'' નામના ગુપ્ત ઓનલાઈન ગ્રૂપો બનાવ્યા હતા. આ ગ્રૂપોનો મુખ્ય હેતુ ઉગ્રવાદી પ્રચાર ફેલાવવો, સંગઠન પ્રત્યે સહાનુભૂતિ રાખનારાઓની ઓનલાઈન ભરતી કરવી અને દેશવિરોધી ગતિવિધિઓ માટે ફંડ તથા સમર્થન મેળવવાનો હતો.

### હત્યાના કાવતરામાં

(પાના નં. ૧ થી આગળ)

આ સફળ કામગીરી ખંભાળિયા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર સી.આર. રાણા ના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. કામગીરીમાં PSI જે.ટી. ચાવડા, ASI હેમતભાઈ નંદાણીયા, ASI હરપાલસિંહ જાડેજા, અર્જાઈ પ્રવિણભાઈ ગોજીયા, ASI કુબેરભાઈ ચાવડા, ASI વીરેન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ. જેઠાભાઈ પરમાર, હેડ કોન્સ. સામતભાઈ ગઢવી, હેડ કોન્સ. કાનાભાઈ લુણા, પો.કો. ભુપેન્દ્રસિંહ જાડેજા અને પો.કો. અર્જુનભાઈ આંબલીયા સહિતના સ્ટાફે ભાગ લીધો હતો. હાલ આરોપીની પૂછપરછ બાદ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને કેસની વધુ તપાસ PI સી.આર. રાણા કરી રહ્યા છે.

### રામ મંદિરના વિવિધ

(પાના નં. ૧ થી આગળ)

કૌભાંડનો પણ ખુલાસો થયો છે. પ્રાથમિક માહિતી મુજબ, અમુક ભેજાબાજો રામ મંદિર ટ્રસ્ટના નામે હૂબહૂ નકલી રસીદો છપાવીને શ્રદ્ધાળુઓ પાસેથી ગેરકાયદેસર રીતે મોટો ચંદો ઉઘરાવતા હતા. આ નકલી રસીદ રેકેટના તાર ક્યાં સુધી જોડાયેલા છે અને તેમાં કોણ-કોણ સામેલ છે તે દિશામાં પણ SITએ કડક કાર્યવાહી હાથ ધરી છે.

### પુનામાં ઈમારત

(પાના નં. ૧ થી આગળ)

પિંપરી-ચિંચવડ શહેર વિસ્તારમાં મોશી કચરાના ડેપો પાસે આ ઘટના બની. આ ઘટનાથી વિસ્તારમાં ભારે ગભરાટ ફેલાયો છે. સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી અને પોલીસને જાણ કરી. પોલીસ, ફાયર બ્રિગેડના કર્મચારીઓ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે, અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. વિસ્તારમાં ચિંતાનું વાતાવરણ છે, અને આશા છે કે ફસાયેલા રહેવાસીઓ સુરક્ષિત રહેશે.

### કોલકાતામાં મમતા

(પાના નં. ૧ થી આગળ)

અને વરિષ્ઠ નાગરિકોને પણ નિશાન બનાવીને બેરહેમીથી માર માર્યો છે. પાર્ટીના આઈટી સેલના મહિલા ચેરમેનને ઘેરી લેવામાં આવતા તેઓ પોતે તેમને બચાવવા માટે મેદાનમાં ઉતર્યા હોવાનો દાવો પણ મમતા બેનર્જીએ કર્યો હતો.

રેલીમાં થયેલા હોબાળા બદલ મમતા બેનર્જીએ ભાજપ કરતાં વધુ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રને દોષી ઠેરવ્યું હતું. પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવતા તેમણે કહ્યું કે, જ્યારે હાઈકોર્ટની પરવાનગી હતી ત્યારે પોલીસે ભાજપના લોકોને મંચ અને માઈક લગાવવાની મંજૂરી કેમ આપી? પોલીસે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને અદાલતની અવમાનના કરી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(પાના નં. ૧ થી આગળ)

સંબંધિત અધિકારીઓને ખાસ સૂચના આપી છે. આ નવી પોલિસી આવનારા સમયમાં રાજ્યમાં ગ્રીન એનર્જીના વ્યાપને વધારશે અને ઈલેક્ટ્રિક વ્હીકલ્સ વાપરતા નાગરિકો માટે ચાર્જિંગની સુવિધાઓ વધુ સરળ અને વ્યાપક બનાવવામાં મદદરૂપ સાબિત થશે.


રાજ્યમાં સર્જાયેલી ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે દીવાલ ધરાશાયી થવા, વૃક્ષો પડવા તથા વીજળી પડવા જેવી વિવિધ આકસ્મિક દુર્ઘટનાઓને કારણે અકાળે મૃત્યુ પામેલા ૧૧ નાગરિકોને ગઈકાલે મુખ્યમંત્રી સહિત સમગ્ર મંત્રીમંડળ દ્વારા ભાવપૂર્ણ શોકાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં મંત્રીમંડળે આ તમામ દિવંગતોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી અને તેમના શોકગ્રસ્ત પરિવારજનો પ્રત્યે ઊંડી સાંત્વના વ્યક્ત કરી હતી.

# ઈન્દોરના રસગાં રોડ પર ટ્રેન રોકી સમોસા લેવા ઊતરેલા પાયલટનો વિડિયો વાયરલ

**સમય સંદેશઃ ઈન્દોર**

મધ્ય પ્રદેશના ઇન્દોર નજીક રંગવાસા રોડ પાસેનો એક ચોંકાવનારો વિડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વિડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે ઇન્દોર-મહુ ઉઊખ્અ ટ્રેનના લોકો પાયલટે પાટા નજીક આવેલી એક દુકાનમાંથી સમોસાં ખરીદવા માટે આખી ટ્રેન વચ્ચે જ રોકી દીધી હતી. વિડિયોમાં ટ્રેન થોડી મિનિટો સુધી ઊભેલી દેખાય છે અને ડ્રાઈવર એન્જિનમાંથી નીચે ઊતરી સમોસાં લઈને પાછો જતો નજરે પડે છે.

આ હાઈ-પ્રોફાઈલ ઘટનાનો વિડિયો સામે આવ્યા બાદ પશ્ચિમ રેલવેનું રતલામ મંડળ



હરકતમાં આવ્યું છે. રતલામ મંડળના જનસંપર્ક અધિકારીના જણાવ્યા અનુસાર, વાયરલ વિડિયો ક્લિપને તપાસ માટે વરિષ્ઠ અધિકારીઓ પાસે મોકલી દેવાઈ છે. જો તપાસમાં સાબિત થશે કે ટ્રેનને કોઈ ટેકનિકલ કે ઓપરેશનલ જરૂરિયાત વગર માત્ર વ્યક્તિગત કામ માટે રોકવામાં આવી હતી, તો લોકો પાયલટ વિરુદ્ધ કડક નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ, સ્થાનિક લોકોએ આ મામલે ગંભીર આક્ષેપો કર્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ ઉઊખ્અ ટ્રેન અગાઉ પણ ઘણી વખત આ ચોક્કસ સ્થળે થોડી મિનિટો માટે ઊભી રહી ચૂકી છે, જેના કારણે મુસાફરોને બિનજરૂરી વિલંબનો સામનો કરવો પડે છે. જોકે, રેલવે સત્તાવાળાઓએ હજી સુધી આ દાવાઓની સત્તાવાર પુષ્ટિ કરી નથી અને સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે.

# લાલપુરની સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત સેમિનાર યોજાયો

## વિદ્યાર્થીઓને ટીબી રોગના લક્ષણો, તેના ફેલાવાના કારણો, નિદાન અને સારવાર વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પડાયુંઃ ની-ક્ષય પોષણ યોજના હેઠળ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને પણ હવે દર મહિને મળશે રૂ.એક હજારની સહાય




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

દેશભરમાંથી ટીબી જેવા ઘાતક રોગને જડમૂળથી નાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત લાલપુર તાલુકાની સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે એક વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા ક્ષય અધિકારી ડો. પંકજકુમાર સિંઘ તેમજ લાલપુરના તાલુકા હેલ્થ ઓફિસર ડો. પી.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સેમિનારમાં કોલેજના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને ટીબી રોગના લક્ષણો, તેના ફેલાવાના કારણો, નિદાન અને અદ્યતન સારવાર પદ્ધતિઓ વિશે વિગતવાર તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જિલ્લા પી.પી.એમ ચિરાગ પરમાર અને લાલપુર તાલુકાના ટીબી સુપરવાઈઝર પરેશભાઈ ભારાઈએ વિદ્યાર્થીઓને જનજાગૃતિના વાહક બનવા અપીલ કરી હતી. દર વર્ષે ૨૪ માર્ચે ઉજવાતા 'વિશ્વ ક્ષય રોગ દિવસ'ના મહત્વને રેખાંકિત કરતા પ્રધાનમંત્રીના 'સમગ્ર સરકાર અને સમગ્ર સમાજ'ના અભિગમને આગળ ધપાવવા જનભાગીદારીને અનિવાર્ય ગણાવી હતી. સાથે જ સરકાર દ્વારા ટીબીના દર્દીઓના સારા પોષણ માટે અપાતી નાણાકીય સહાયમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ની-ક્ષય પોષણ યોજના હેઠળ હવે આ સહાય દર મહિને રૂ.૫૦૦થી વધારીને રૂ.૧,૦૦૦ કરવામાં આવી છે, જે સીધી દર્દીના બેંક ખાતામાં જમા થાય છે. ખાસ નોંધનીય બાબત એ છે કે, જો કોઈ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ ટીબીની દવા લેતો હોય, તો તેને પણ આ રૂ.૧,૦૦૦ની સહાય મળવાપાત્ર છે; પરંતુ તે માટે સરકારી પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે.

આ સેમિનારને સફળ બનાવવામાં સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. કમલેશ ડી. શાહ, એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર મુસ્તુફા પઠાણ તેમજ કોલેજના અન્ય પ્રોફેસરોએ જહેમત ઉઠાવી સહકાર આપ્યો હતો.

# શાળાની ઈમારત અને વિદ્યાર્થીઓ તો છે, પરંતુ શિક્ષકો દૂર-દૂર સુધી દેખાતાં નથી

## ધારાસભ્ય હેમંત ખવાએ સરકારના દાવાઓના ચીથરા ઉડાડી દીધાં!



**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કરોડો રૂપિયાના સરકારી ખર્ચે અને તંત્રની આખી ફોજ ઉતારીને 'શાળા પ્રવેશોત્સવ'ના નામે જે વાહવાહી લૂંટવાની સસ્તી રાજનીતિ ચાલી રહી છે, તેના પર લાલપુર તાલુકાના ગજણા ગામની વાસ્તવિકતાએ જોરદાર લપડાક મારી છે. આજે લાલપુર તાલુકાના ગજણા ગામની સરકારી શાળામાં પ્રવેશોત્સવના કાર્યક્રમમાં હેમંત ખવાએ હાજરી આપતા સરકારના કહેવાતા 'વાઈબ્રન્ટ શિક્ષણ'ના મોડેલના લીરેલીરા ઉડી ગયા હતા. વાસ્તવિકતા એ છે કે આ શાળાઓમાં ભૂલકાંઓને ભણાવવા માટે પૂરતા શિક્ષકો જ નથી.

સરકાર માત્ર પોતાના પ્રચાર-પ્રસાર માટે એરકંડિશનડ ગાડીઓ અને અધિકારીઓના કાફલા પાછળ જનતાના ટેક્સના કરોડો રૂપિયા વેડફી રહી છે. ગજણા ગામની મુલાકાત દરમિયાન સ્થાનિક વાલીઓ અને ગ્રામજનો સાથે સંવાદ કરતા વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો. શાળાઓને ફુગ્ગાઓ અને તોરણોથી શણગારીને, મંત્રીઓ કે અધિકારીઓના હાથે કુમકુમ તિલક કરાવીને બાળકોને પ્રવેશ તો અપાવી દેવાયો, પણ સવાલ એ છે કે આ બાળકો આખું વર્ષ ભણશે કોની પાસે? શું સરકારના મંત્રીઓ કે મોટા બાબુઓ અહીં રોજ ભણાવવા આવવાના છે?

''આ પ્રવેશોત્સવ નથી, પરંતુ શિક્ષણ વ્યવસ્થાના જનાજા પર ઉજવાતો ઉત્સવ છે. સરકાર માત્ર ફોટો સેશન અને મહોત્સવોમાં રાચીને જનતાની આંખોમાં ધૂળ નાંખવાનું બંધ કરે. ગજણા જેવી અસંખ્ય સરકારી શાળાઓમાં કાયમી શિક્ષકોની જગ્યાઓ વર્ષોથી ખાલી પડી છે. ગજણા પ્રાથમિક શાળામાં શિક્ષકોનું મંજુર મહેકમ ૪-ચાર નું છે જેની સામે ત્યાં કોઈ શિક્ષક જ નથી એટલે કે ચારેય જગ્યાઓ ખાલી છે. ગજણા પ્રાથમિક શાળામાં બે મહિના પહેલા બે વિદ્યાસહાયકોની હંગામી નિમણુંક કરી શિક્ષણ કાર્ય ચલાવવામાં આવી રહ્યું છે. આવા વિદ્યાસહાયકો હંગામી હોવાના લીધે શિક્ષણમાં એકસૂત્રતા જળવાતી નથી. શિક્ષકો આપવાની દાનત નથી અને માત્ર ઉત્સવો ઉજવવા એ વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથેની ક્રૂર મજાક અને વિશ્વાસઘાત છે.''

ગ્રામીણ વિસ્તારના ગરીબ, ખેડૂત અને મધ્યમ વર્ગના પરિવારોના બાળકો સરકારી શાળાના ભરોસે ઉજ્જવળ ભવિષ્યના સપના જુએ છે. પરંતુ સરકાર જાણીજોઈને સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતી ન કરીને આ શાળાઓને પાંગળી બનાવી રહી છે, જેથી કરીને ગરીબ વાલીઓ મજબૂર થઈને પોતાના બાળકોને ખાનગી શાળાઓના હવાલે કરી દે. આ

અનુ પાના નં.૨ પર

## દેશભરની ૧૦૦થી વધુ મૅડિકલ કૉલેજને અપાઈ નોટિસઃ જામનગરે સંતોષકારક જવાબ આપતાં

# શહેરની એમ.પી. શાહ કૉલેજ મૅડિકલ કૉલેજનો પ્રતિષ્ઠીત દરજ્જો યથાવત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ની એમ.પી. શાહ મેડિકલ કોલેજને નેશનલ મેડિકલ કમિશન દ્વારા નોટીસ આપી ૪૫ દિવસમાં પૂર્તતા કરવા જણાવાયું હતું, જે કામગીરી પૂર્ણ થતા તાજેતરમાં ૨૫૦ બેઠક માટે વિધિવત મંજુરી આપી દેવામાં આવી છે.

મેડિકલ શિક્ષણમાં ગુણવત્તા જળવાઈ રહે તે હેતુથી નેશનલ મેડિકલ કમિશનર દ્વારા દર વર્ષે મેડિકલ કોલેજોનું ઈન્સપેક્શન કરવામાં આવે છે. દરમિયાન ભારત ની ૧૦૦ કોલેજ જેમાં જામનગર સહિત રાજ્ય ની ચાર કોલેજ માં થોડી ક્ષતિ જણાતા નોટીસ પાઠવાઈ હતી, અને ૪૫ દિવસ માં સુધારો અને પૂર્તતા કરવા જણાવાયું હતું. જામનગર ની એમ.પી. શાહ મેડિકલ કોલેજ દ્વારા સમયમર્યાદામાં જરૂરી પૂર્તતા કરી દેવામાં આવી હતી. મેડિકલ કોલેજ ના ડીન ડો. નંદીની દેસાઈ ના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૨૫૦ બેઠક ના એમબીબીએસ ના અભ્યાસ ક્રમ ચાલુ રાખવાની મંજુરી ગત તા. ૨૮-૬-૨૦૨૬ ના મળી જવા પામી છે.

૧૯૫૫ થી અવિરતપણે કાર્યરત વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચર, સાધન-સામગ્રી, કુશળ-અનુભવી સ્ટાફ, તબીબોની પૂરતી ઉપલબ્ધતા તથા દર્દીઓની સંખ્યા વગેરેને ધ્યાનમાં રાખીને ૨૫૦ સીટનો અભ્યાસક્રમ ચાલુ રાખવાની મંજુરી મળી છે. આ સંસ્થા ભવિષ્યના તબીબોનું ઘડતર કરવા કટીબદ્ધ છે તથા ભવિષ્યમાં શ્રેષ્ઠ તબીબી શિક્ષણ મળી રહે તે માટે અત્યંત કાર્યરત છે. તેમ પણ કોલેજના ડીન એ ઉમેર્યું હતું.

# જામનગરના પાણાખાણ વિસ્તારમાં જૂથ અથડામણ બાદ સામ-સામી ફરિયાદ

## પુઠ્ઠા ભરવા અંગે થયેલી સામાન્ય બોલાચાલી મોટા ડખ્ખામાં ફેરવાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પાણાખાણના નાકા રોડ વિસ્તારમાં પુઠા ભરવાની સામાન્ય બાબતે બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થતાં બંને પક્ષોએ એકબીજા સામે સામસામી ફરિયાદ નોંધાવતા સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશને કુલ આઠ વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો છે.

પ્રથમ ફરિયાદમાં ફરિયાદી વિજય માલજીભાઈ વાઘેલાએ પ્રવીણ ચનાભાઈ પરમાર, શિવા ચનાભાઈ પરમાર, દેવાંગ રામજીભાઈ પરમાર અને વિજય ચનાભાઈ પરમાર સામે ગાળાગાળી, ઢીકાપાટુનો માર મારવા, લાકડાના ધોકાથી ઈજા પહોંચાડવા, જાનથી મારી નાખવાની ધમકી આપવા તેમજ જાહેરનામાનો ભંગ કરવા અંગે ફરિયાદ નોંધાવી છે.

જ્યારે સામસામી નોંધાયેલી બીજી ફરિયાદમાં ફરિયાદી પ્રવીણ ચનાભાઈ પરમારે વિજય માલજીભાઈ વાઘેલા, વિજય ડાયાભાઈ વાઘેલા, વિશાલ નાથાભાઈ વાઘેલા અને દિનેશ કાનજીભાઈ વાઘેલા સામે ગાળાગાળી, મારામારી કરી સામાન્ય ઈજાઓ પહોંચાડવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી છે. બંને ફરિયાદોના આધારે સીટી 'સી' ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી સમગ્ર બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્યાણપુરના સૂર્યાવદરના યુવકને અગ્નિવીરમાં પાસ કરાવી દેવાની લાલચ આપી છેતરપિંડી

**સમય સંદેશઃ કલ્યાણપુર**


કલ્યાણપુર તાલુકાના સૂર્યાવદર ગામે રહેતા દિવ્યેશભાઈ દુલાભાઈ ગોરાણીયા નામના ૨૧ વર્ષના યુવાનને આર્મીમાં ભરતી થવું હોય અને આર્મી માટે મહત્વની એવી અગ્નિવીરની મેડિકલ પરીક્ષામાં પાસ થવું અનિવાર્ય હોવાથી તેમને કેટલાક શખ્સોનો ભેટો થયો હતો. દિવ્યેશ ગોરાણીયાને અગ્નિવીર આર્મીની મેડિકલ પરીક્ષામાં પાસ કરાવી આપવાનું કહી અને રાજસ્થાન રાજ્યના શિકર વિસ્તારમાં રહેતા નરેશકુમાર રાનવા અને નવરંગ રાનવા સાથે જુનાગઢ ખાતે રહેતા રાહુલ જાગરા નામના ત્રણ શખ્સોનો સંપર્ક થયો હતો. આ આરોપીઓએ દિવ્યેશભાઈને ઉપરોક્ત પરીક્ષામાં પાસ કરાવી આપવાનું કહી, યેનકેન રીતે રૂ. ૮૪ હજારની રકમ પડાવી લીધી હોવાનું જાહેર થયું છે. આને અનુલક્ષીને કલ્યાણપુર પોલીસે ત્રણેય આરોપીઓ સામે બી.એન.એસ.ની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા જેલ મોબાઈલ કાંડમાં જામનગરના વધુ એક આરોપીનો રાજકોટની જેલમાંથી કબ્જે લેવાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા જેલમાં બિનવારસી મોબાઇલ ફોન મળી આવતા આ અંગે સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ત્યારબાદ ગુનાની આગળની તપાસ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી હતી.

પોલીસ ઇન્સ્પેક્ટર આઈ.એ. ઘાસુરા તથા તેમની ટીમે તા. ૧૨ માર્ચથી તા. ૨૯ માર્ચ દરમિયાનના મોબાઇલ ફોનના કોલ ડિટેઇલ રેકોર્ડ (સી.ડી.આર.) અને અન્ય ટેક્નિકલ પુરાવાઓના આધારે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જામનગર જિલ્લા જેલમાં સજા ભોગવી રહેલા બે આરોપીઓ, તાજેતરમાં જામીન પર મુક્ત થયેલા એક આરોપી તેમજ જેલમાં ગેરકાયદેસર સિમકાર્ડ પહોંચાડનાર એક આરોપી જાફરઅલી ઉમરભાઈ સફિયા, મોઇન ઉમરભાઈ સફિયા, દિલીપ દિનેશભાઈ પરમાર અને ઇમ્તિયાઝ રહેમતુલ્લા મુદ્રાક સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તમામ આરોપીઓને અદાલતમાં રજૂ કરી એક દિવસના પોલીસ રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા.



રિમાન્ડ દરમિયાન થયેલી પૂછપરછમાં વધુ એક આરોપી સુરેશ મંગળભાઈ વાઘેલા, રહે. મુંબઈ દવા બજાર કોલોની વિસ્તાર), જામનગરનું નામ સામે આવ્યું હતું. પોક્સો કેસમાં ૨૦ વર્ષની સજા ભોગવી રહેલા આ આરોપીને હાલમાં રાજકોટ જિલ્લા જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. સાયબર ક્રાઇમ પોલીસની ટીમે કોર્ટની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ રાજકોટ જિલ્લા જેલમાંથી તેનો કાયદેસર કબ્જો મેળવી જામનગર લાવવામાં આવ્યો છે, અને તેને પોલીસ રિમાન્ડ પર લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે જિલ્લા જેલમાં રહેલા કેટલાક કેદીઓ ગેરકાયદેસર મોબાઇલ ફોનનો ઉપયોગ કરી મોડી રાત્રિના સમયે પોતાના પરિવારજનો તથા અન્ય વ્યક્તિઓ સાથે નિયમિત સંપર્કમાં રહેતા હતા. સમગ્ર કાવતરામાં અન્ય કેટલા કેદીઓ અને બહારના લોકો સંડોવાયેલા છે તે અંગે સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા હજુ પણ ટેક્નિકલ તેમજ વૈજ્ઞાનિક પદ્ધતિથી ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. તેમજ ગેરકાયદેસર મોબાઇલ ફોન અને સિમકાર્ડ જેલ સુધી પહોંચાડનાર અન્ય શખ્સોને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા સઘન કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

# કાલાવડ તાલુકાના પીપરમાંથી જુગાર રમતાં છ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનની ટીમે કાલાવડ તાલુકાના પીપર ગામમાં જાહેરમાં રમાતો જુગાર ઝડપી પાડી છ આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે તા. ૦૭/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૦:૨૫ વાગ્યે પીપર ગામ નજીક દેવશીભાઈ પાંચાભાઈ રાખશીયાની વાડી પાસે રાજડા ગામ તરફ જતા જાહેર રસ્તા પર દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન સુભાષભાઈ ખોડાભાઈ રાખશીયા (ઉ.વ. ૪૭), આકાશભાઈ કાનજીભાઈ રાખશીયા (ઉ.વ. ૧૯), રમેશભાઈ ગોવિંદભાઈ રાખશીયા (ઉ.વ. ૫૨), દિલીપભાઈ વાલજીભાઈ રાખશીયા (ઉ.વ. ૩૫), કરશનભાઈ ભાણાભાઈ રાખશીયા (ઉ.વ. ૫૭) તથા કિશોરભાઈ રવજીભાઈ રાખશીયા (ઉ.વ. ૩૮), તમામ રહે. પીપર ગામ, તા. કાલાવડ, જી. જામનગર, જાહેરમાં ''તીનપત્તી રોન પોલીસ'' નામનો જુગાર રમી રોકડ રૂપિયાની હારજીત કરતા ઝડપાઈ આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી જુગારમાં વપરાતા રોકડા રૂ. ૫,૧૭૦ તથા ગંજીપતાના ૫૨ પાના મળી કુલ રૂ. ૫,૧૭૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ બનાવ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી તમામ છ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. ગુનાની વધુ તપાસ કાલાવડ ગ્રામ્ય પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# મીઠાપુર હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પમાં ૫૦૫ યુનિટ રક્ત એકત્રિતઃ ૧,૩૫૦ દર્દીઓએ લીધો લાભ





**સમય સંદેશઃ મીઠાપુર**
**(બુધાભા ભાટી દ્વારા)**

મીઠાપુર હોસ્પિટલ ખાતે ડૉ.કાલરીયાની આગેવાનીમાં સેવા અને સમર્પણના ભાવ સાથે આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ અને સુપર સ્પેશિયાલિટી મેડિકલ ચેક-અપ કેમ્પને અભૂતપૂર્વ સફળતા મળી છે. સ્થાનિક નાગરિકોના ઉત્સાહ અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી આ બંને કેમ્પ સમાજ માટે અત્યંત પ્રભાવશાળી અને આશીર્વાદરૂપ સાબિત થયા છે.

આ ભવ્ય આયોજનમાં રક્તદાન કેમ્પ રાખવામાં આવેલ જેમાં રક્તદાતાઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના પરિણામે કુલ ૫૦૫ યુનિટ લોહી એકત્રિત કરવામાં આવ્યું છે. આ એકત્રિત થયેલું રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાન સાબિત થશે.

ઉપરાંત સુપર સ્પેશિયાલિટી મેડિકલ કેમ્પ આરોગ્યની સુખાકારી માટે યોજાયેલા તેમાં તજજ્ઞ ડોક્ટરો દ્વારા કુલ ૧,૩૫૦ થી વધુ દર્દીઓનું નિઃશુલ્ક સ્વાસ્થ્ય પરીક્ષણ અને યોગ્ય તબીબી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આટલી મોટી સંખ્યામાં લોકોની હાજરી હોવા છતાં, મેડિકલ પાર્ટનર્સ અને સ્વયંસેવકો ની ટીમની અથાક મહેનત અને સચોટ આયોજનના કારણે સમગ્ર કાર્યક્રમ એક પણ ખલેલ વગર, ખૂબ જ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન થયો હતો. આ કાર્યક્રમની ભવ્ય સફળતા પાછળ વડીલો અને માર્ગદર્શકોના આશીર્વાદ તેમજ સતત મળેલા પ્રોત્સાહનની મુખ્ય ભૂમિકા રહી છે. આયોજકો દ્વારા તમામ રક્તદાતાઓ, તબીબો, સ્વયંસેવકો અને કેમ્પનો લાભ લેનાર તમામ નાગરિકોનો દયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં પણ સમાજ ઉપયોગી આવા પ્રકલ્પો સતત ચાલતા રહેશે એવો સંકલ્પ આ તકે દોહરાવવામાં આવ્યો હતો.

# જામનગરના બાવરીવાસમાં ચાર દેશી દારૂની ભઠ્ઠી મળી આવી


## ચાર જેટલી મહિલા બૂટલેગરો ફરારઃ પૉલીસે ૨૦૮૫૦નો મુદ્દામાલ કબજે કર્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સીટી 'સી' ડિવિઝન પોલીસે બાવરીવાસ વિસ્તારમાં દેશી દારૂ બનાવવાના અડ્ડાઓ પર એકસાથે દરોડા પાડી ચાર અલગ-અલગ ગુના નોંધ્યા છે. તમામ સ્થળોએ મહિલા આરોપીઓ પોલીસને ચકમો આપી ફરાર થઈ ગઈ હતી.

પોલીસે ધનુબેન કાનાભાઈ કોળી, લક્ષ્મીબેન ચંદાભાઈ પરમાર, માયાબેન ભરતભાઈ પરમાર અને સોનાબેન ભરતભાઈ ડાભી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધ્યા છે. ચારેય દરોડામાં મળી કુલ ૫૪ લિટર દેશી દારૂ, ૩૭૦ લિટર કાચો આથો તથા દારૂ બનાવવાની ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૨૦,૮૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ફરાર મહિલા આરોપીઓને ઝડપી પાડવા પોલીસે શોધખોળ હાથ ધરી છે.

# દ્વારકામાં જમીન કૌભાંડની ગંધ? નવી શરતની જમીન, ડૂબમાં ગયેલી જમીન અને વેચાણ નોંધને લઈને ગંભીર સવાલો




## સરકારી નિયમોને નેવે મૂકી તળાવની ડૂબવાળી જમીનની વેચાણ નોંધ મંજૂર કરાતા નવાજૂનીના મળી રહેલાં એંધાણ

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા શહેરમાં જમીન સંબંધિત એક ગંભીર મામલો સામે આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. નવા સર્વે નંબર ૬૧૩ (જૂનો સર્વે નંબર ૬૧૮/૨) ધરાવતી જમીન અંગે નોંધ નંબર ૫૬૨૯ મારફતે મામલતદાર દ્વારા ગણોત ધારા હેઠળ તબદીલી દંડ વસૂલવાની મંજૂરી આપવામાં આવી હતી. ઉપલબ્ધ વિગતો મુજબ આ જમીન ગણોતિયાને મળેલી નવી શરતની જમીન હોવાનું જણાવાય છે.

સામાન્ય રીતે નવી શરતની જમીનના હસ્તાંતરણ માટે સરકારના નિયમો અને મંજૂરી જરૂરી હોય છે. છતાં આ જ જમીન સંબંધિત વેચાણની નોંધ નંબર ૫૬૩૯ મંજૂર કરવામાં આવી હોવાનું સામે આવતાં અનેક સવાલો ઊભા થયા છે. આ મંજૂરી કયા આધારે આપવામાં આવી? શું તમામ કાનૂની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું હતું? તે અંગે ચર્ચા શરૂ થઈ છે.

આ ઉપરાંત દ્વારકાના સર્વે નંબર ૬૨૩ અને ૬૨૪ અંગે પણ ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. આ જમીનો માયાસર તળાવની ડૂબમાં ગયેલી હોવાનું જણાવાતું હોવા છતાં વેચાણની નોંધ નંબર ૫૬૩૯ મંજૂર કરવામાં આવી હોવાનું કહેવાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં એક જવાબદાર અધિકારીએ નિયમોની અવગણના કરીને આંખ આડા કાન કર્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે ભવિષ્યમાં આ સર્વે નંબરોને અન્ય સ્થળે સમાયોજિત કરીને ભૂમાફિયાઓને કરોડો રૂપિયાનો ફાયદો પહોંચાડવાનો પ્રયાસ થઈ શકે છે. જો આ આક્ષેપોમાં સત્ય હશે તો તે સરકારી જમીન વ્યવસ્થાપન અને આવક વિભાગ માટે ગંભીર પ્રશ્નો ઉભા કરશે.

મળતી માહિતી મુજબ સમગ્ર પ્રકરણમાં એક યુવા વકીલ દ્વારા અંદાજે પાંચ લાખ રૂપિયાના વહીવટથી ભૂમાફિયાઓને મદદ કરવામાં આવી હોવાના પણ આક્ષેપો ચર્ચામાં છે. જોકે આ દાવાઓની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ નથી. જો આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો જમીનના દસ્તાવેજો, વેચાણ નોંધ, અધિકારીઓની ભૂમિકા અને સંભવિત ગેરરીતિઓ અંગેનું સંપૂર્ણ કાવતરું બહાર આવી શકે તેવી ચર્ચા ચાલી રહી છે.




# જામનગર તાલુકાના ખીમલિયામાં દીપડાએ દેખા દીધીઃ ફૂટમાર્ક મળ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના નવી મોખાણા ગામની સીમમાં થોડા દિવસ પહેલા દીપડો દેખાયો હતો. આથી વનવિભાગની તપાસમાં દીપડા ના ફુટમાર્ક મળી આવ્યા હતા. આથી દીપડાને પકડવા વનવિભાગ દ્વારા ગામની સીમમાં બે સ્થળે મારણ સાથે પાંજરા મૂકવામાં આવ્યા હતાં. આ દરમ્યાન, દીપડો પાંજરા પાસે આવ્યો હતો, અને ટ્રેપ કેમેરો તોડી નાસી ગયો હતો. જો કે, છેલ્લા બે-ત્રણ દીવસથી દીપડો દેખાયો નથી. પરંતુ આથી નવી મોખાણા ગામની સીમમાં દીપડાને પકડવા જે બે સ્થળે પાંજરા મૂકાયા હતાં તે દૂર કરવામાં આવ્યા છે. પરંતુ દીપડો હવે સોમવારે ખીમલીયા ગામમાં દેખાયો હોવાની ફરિયાદો ગ્રામજનોએ કરી છે. આથી વન વિભાગ દ્વારા નવી મોખાણા બાદ ખીમલીયા ગામમાં દીપડાને પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું.

પરંતુ દીપડાના કોઈ ફુટમાર્ક નહી મળ્યા નું વનવિભાગના અધિકારીઓએ જણાવ્યું છે. અત્રે નોંધનીય છે કે, પખવાડીયા થી વધુ સમય થી ડેમ વિસ્તાર માં દીપડા એ અડીંગો જમાવ્યો હોય અને આ વિસ્તારમાં રહેઠાણ બનાવ્યું હોવાની આશંકા પણ વનવિભાગના અધિકારીઓએ વ્યકત કરી છે. આથી ડેમ વિસ્તારની નજીક આવેલા ગામડાઓમાં દીપડાના આંટાફેરા યથાવત રહ્યા છે. જો કે, બીજી બાજુ દીપડાને પકડી પાડવા વનવિભાગ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# જામખંભાળિયામાં સગીરાના ફોટા વાયરલ કરી ખંડણી માંગનાર સુરતના બે બંધુઓને ૪ વર્ષની કેદ ફટકારાઈ

## ધાક-ધમકી ખંડણી મામલે ખંભાળિયાની સ્પેશિયલ પોકસો કોર્ટનો ચૂકાદો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક પરિવારની સગીર વયની પુત્રીના ફોટા-વિડિયો યેનકેન પ્રકારે મેળવી વાયરલ કરવા સબબ અને સુરતના સબરી નગર, વેડ દરવાજા વિસ્તારમાં રહેતા આરોપી ભાઈઓ એવા અકરમ હુસેન સાંજી અને અકબર હુસેન સાંજી નામના બે શખ્સો સામે અહીંના સાઈબર ક્રાઇમ પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૪ ના સમયગાળા દરમિયાન ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં આરોપી દ્વારા વોટ્સએપ ગ્રુપ બનાવી અને સગીરાના અશ્લીલ ફોટા આ ગ્રુપમાં શેર કરવામાં આવ્યા હતા.

આ પછી આરોપીએ સગીરાને વોટ્સએપમાં મેસેજ કરેલ કે ''દસ મિનિટમાં પૈસા મોકલી આપજે, નહીંતર તારા ફોટા અને વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દઈશ અને તારી ક્યાંય સગાઈ નહીં થાય. જો સગાઈ થશે તો તોડાવી નાખીશ.'' આ રીતે આ બંને આરોપી ભાઈઓએ ભોગ બનનાર - ફરિયાદીના અન્ય સંબંધીઓને પણ અશ્લીલ ફોટા મોકલી સમાજમાં બદનામ કરવાની ધમકી આપતા આ પ્રકરણ સંદર્ભ ગત તા. ૩ માર્ચ ૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધવામાં આવી હતી. આને અનુલક્ષીને સાયબર ક્રાઇમ પોલીસ મથકના પી.આઈ. ડી.એચ. ભટ્ટ અને પી.પી. બ્રહ્મભટ્ટ તથા પબુભાઈ ગઢવીની ટીમ દ્વારા આરોપીઓને ઝડપી લઇ, અહીંની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં બંને સામે ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર પ્રકરણ સંદર્ભે મુખ્ય જિલ્લા સરકારી વકીલ ભગીરથસિંહ એસ. જાડેજા દ્વારા અહીંની સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ શ્રી એસ.જી. મનસુરી સમક્ષ વિવિધ આધાર પુરાવાઓ તેમજ દલીલો રજૂ કરતા અદાલતે આરોપીઓને ચાર વર્ષની સખત કેદ તથા કુલ રૂપિયા ૨,૬૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીઓએ ભરેલા દંડની રકમમાંથી ભોગ બનનારને રૂ. અઢી લાખ વળતર પેટે ચૂકવવા પણ આદેશ કરવામાં આવ્યો છે.

# જામનગર-ભાણવડમાં પોલીસનું કડક ચેકિંગઃ વિદેશી-દેશી દારૂના જંગી જથ્થા સાથે ૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

## ઠેબા ચોકડી પાસેથી કારના ચોરખાનામાંથી વિદેશી દારૂ સાથે દંપતી ઝડપાયું, જ્યારે ભાણવડમાં ફિલ્મી ઢબે પીછો કરી દેશી દારૂ ભરેલી કાર પકડાઈ, ચાલક ફરાર

**સમય સંદેશઃ જામનગર/ભાણવડ**

ગુજરાતમાં દારૂબંધીના કાયદાની કડક અમલવારી વચ્ચે જામનગર અને ભાણવડ પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે અલગ-અલગ બે સ્થળોએ વોચ ગોઠવીને લાખો રૂપિયાની કિંમતનો વિદેશી તેમજ દેશી દારૂનો જથ્થો અને બે કાર સહિત કુલ ૯,૦૬,૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

જામનગરની ઠેબા ચોકડીથી મહાપ્રભુજીની બેઠક તરફ એક શખ્સ પોતાની મોટરકારમાં દારૂનો જથ્થો લઈને પસાર થવાનો છે, તેવી ચોક્કસ બાતમી સિટી-એ ડિવિઝન સર્વેલન્સ ટીમના વિજયભાઇ કાનાણી, યોગેન્દ્રસિંહ સોઢા અને રવિરાજસિંહ જાડેજાને મળી હતી. આ બાતમીના આધારે પીઆઇ વિપુલસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફે વોચ ગોઠવી હતી.

આ દરમિયાન પોલીસે જી.જે.૦૬.ઇ.ક્યુ.૨૩૧૫ નંબરની







વ્હાઇટ કલરની વેગેનઆર કારને આંતરીને તેની સઘન તલાશી લીધી હતી. કારમાં બનાવેલા ખાસ ચોરખાનામાંથી પોલીસને રૂ. ૫૬,૪૦૦ની કિંમતની ઇંગ્લીશ દારૂની ૧૦૮ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂના જથ્થા સાથે રૂ. ૧૦ હજારની કિંમતના ૩ મોબાઇલ ફોન અને રૂ. ૫ લાખની કિંમતની વેગેનઆર કાર સહિત કુલ રૂ. ૫,૮૬,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ મામલે પોલીસે દિગ્વિજય પ્લોટ-૫૯ માં રહેતા વિનોદ નાનજીભાઇ દામા (ઉ.વ.૩૮) અને તેની પત્ની પ્રિયાબેન વિનોદ દામા (ઉ.વ.૩૭) નામના દંપતીને દબોચી લઇ આગળની પૂછપરછ હાથ ધરી છે.

બીજી તરફ, ભાણવડ વિસ્તારમાં ડીવાયએસપી મીત રૂદલાલના વડપણ હેઠળ ભાણવડ પોલીસ મથકના પી.આઈ. વી.કે. કોઠીયા અને તેમની ટીમ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન સ્ટાફના કિશોરસિંહ જાડેજા, નારણભાઈ બેલા, જીતુભાઈ જામ, યોગરાજસિંહ ઝાલા અને લાલાભાઈ ખાટલીયાને ગ્રામ્ય વિસ્તારમાંથી દારૂ ભરીને એક કાર નીકળી હોવાની બાતમી મળી હતી.

બાતમીના આધારે પોલીસે ભાણવડ નજીક દુધેશ્વર મહાદેવ મંદિર પાસેથી પસાર થતી જી.જે. ૧૨ ઝેડ ૪૦૦૬ નંબરની એક સ્વિફ્ટ કારને આડશ મૂકીને ફિલ્મી ઢબે અટકાવી હતી. કારની ચેકિંગ કરતા તેમાંથી દેશી દારૂ ભરેલા કોથળા મળી આવ્યા હતા. જો કે, પોલીસ કાર્યવાહી દરમિયાન તક

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં માતેલા સાંઢની જેમ દોડતી કારે બુલેટને ટક્કર મારતાં દંપત્તિ ઘવાયું

## અકસ્માત બાદ કાર ચાલક ફરારઃ પત્નીના પગમાં ફ્રેકચર સહિતની ઈજા પતિને પણ ઈજાઓ પહોંચી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સીટી ''એ'' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ધન અપૂર્વા સોસાયટી ગેટ નં. ૨ સામે જાહેર માર્ગ પર પૂરઝડપે અને ગફલતભરી રીતે કાર ચલાવી બુલેટ મોટરસાયકલને ટક્કર મારતા દંપતી ઇજાગ્રસ્ત બન્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે પ્રણામી ટાઉનશીપ-૩ ખાતે રહેતા કીર્તીકુમાર સુરેશભાઈ રામનાણીએ સીટી ''એ'' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેઓ પોતાની પત્ની નિયતિબેન સાથે બ્લેક કલરની બુલેટ મોટરસાયકલ (રજી. નં. જી.જે.-૧૦-ઈ.જે.-૨૭૧૪) પર કીર્તીપાન પાસેથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન ધન અપૂર્વા સોસાયટી ગેટ નં. ૨ પાસે રોડ ક્રોસ કરતી વખતે વિયાના પાર્ક તરફથી આવેલી સફેદ રંગની કાર (રજી. નં. જી.જે.-૦૧-આર. એસ.-૨૯૮૨)ના ચાલકે બેફામ અને બેદરકારીપૂર્વક વાહન હંકારી બુલેટને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં કીર્તીકુમાર રામનાણી તથા તેમની પત્ની નિયતિબેન રોડ પર પટકાયા હતા. જેમાં નિયતિબેનને ડાબા પગના પંજામાં ફ્રેક્ચર તેમજ શરીરના અન્ય ભાગોમાં ઇજાઓ પહોંચી હતી, જ્યારે કીર્તીકુમારને પણ ઇજાઓ થઈ હતી. અકસ્માત બાદ કારચાલક કોઈપણ પ્રકારની મદદ કર્યા વગર સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.આ

અનુ પાના નં.૨ પર

# જામનગરની પરિણીતા દ્વારા પતિ સહિત પાંચ સાસરિયાઓ સામે ત્રા આપ્યાની રાવ

## સાસરિયાઓ દ્વારા શારીરિક-માનસિક ત્રાસ અપાતો હોવાનો આરોપઃ કાઉન્સિલિંગ બાદ પણ ફરિયાદ કરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ખોજા ચકલો વિસ્તારમાં રહેતી શબીનાબેનના નિકાહ તા. ૧૩ મે ૨૦૨૪ના રોજ પોરબંદરના મહમદહુશેન યુનુશભાઈ ધામણીયા સાથે મુસ્લિમ શરીયત મુજબ થયા હતા. લગ્ન બાદ તેઓ પોરબંદરમાં સંયુક્ત પરિવારમાં રહેતા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ લગ્નના થોડા સમય બાદથી જ પતિ યોગ્ય રીતે વાત કરતા ન હતા, પત્ની તરીકેનો દરજ્જો આપતા ન હતા તેમજ નાની-નાની બાબતે ઝઘડો કરી ગાળાગાળી અને મારકૂટ કરતા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે લગ્નના આશરે એક મહિના બાદ પતિ તથા દિયર આફ્રિકા જતા રહ્યા હતા, ત્યારબાદ સાસુ ઘરકામની બાબતોમાં, સસરા રસોઈની બાબતે, નણંદ અને દિયર પણ વારંવાર વાંક કાઢી ઝઘડા કરી ગાળાગાળી અને મારકૂટ કરતા હતા. આ રીતે તમામ સાસરિયાં દ્વારા સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પરિણીતાએ એક વર્ષ સુધી પતિ વિના સાસરે રહી હોવાનો પણ ઉલ્લેખ કર્યો છે. ત્યારબાદ પતિ થોડા સમય માટે પરત આવ્યા હોવા છતાં તેમણે પત્ની તરીકે સ્વીકાર કે સન્માન આપ્યું ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. અંતે પીડિતા પોતાની બહેન સાથે જામનગર ખાતે પિયર આવી રહેવા લાગી હતી, અને સમગ્ર ઘટના પરિવારને જણાવી હતી. આ મામલે અગાઉ મહિલા પોલીસ

અનુ પાના નં.૨ પર

# કામદાર રાજ્ય વિમા નિગમના પ્રશ્નો અંગે સૌરાષ્ટ્રને મળી કચેરી

## કેન્દ્રીય શ્રમ મંત્રી અને જામનગરના સાંસદનો આભાર માનતી ચેમ્બર

**સમય સંદેશઃ જામનગર**

રાજય કામદાર વિમા નિગમ ને લગતા પ્રશ્નોની રજૂઆત કરવા માટે અમદાવાદ ખો વ્યકિતગત સુનવણી તથા અન્ય વહિવટી કામગીરી માટે નવું પડતું હતુ. જેથી વેપારીઓ તથા ઉદ્યોગકારોના સમય તથા નાણાંનો વ્યય થતો હતો. આ અંગે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા, જામનગર અને દેવભૂમિ દ્વારકાના સાંસદ પૂનમબેન માડમને તથા અશોકુમાર સિંઘ (ડાયરેકટર જનરલ રાજ્ય કામદાર વિમા નિગમ નવી દિલ્હી) તથા રીજીયોનલ ડાયરેકટર (અમદાવાદ), હેમંતકુમાર પાંડેને ઘણા સમયથી વિસ્તૃત રજઆત કરવામાં આવી હતી. જેના ફળ સ્વરૂપે ડો. મનસુખભાઈ માંડલિયાના અધ્યય સ્થાને નવી દિલ્હી ખાતે ઈ.એસ.આઈ.સી. ની મળેલ ૧૯૮ મી બેઠકમાં ચેમ્બરની રજૂઆત ને ધ્યાને લેવામાં આવી છે અને ઈ.એસ.આઈ.સી. નવી સબ રીજીયોનલ ઓફિસની સ્થાપના પાંચ રાજ્યોમાં કરવા મજૂરી આપવામાં આવી છે. જેમા મેઘાલય, બિલાસપુર (છતીસગઢ), રાજકોટ (ગુજરાત), જમસેદપુર (ઝારખંડ) અને જબલપુર (મધ્યપ્રદેશ) નો સમાવેશ કરવામાં આવ્યો છે. હવે કામદારોના ઈએસ.આઈ.સી. ના વ્યકિગત સુનવણીના કામ અર્થે જે

અનુ પાના નં.૨ પર

# જામજોધપુર તાબેના જામવાડીમાં ટ્રકમાંથી લોખંડના પતરા ઉતારતી વખતે પતરા નીચે દબાઈ જતાં ખેડૂતનું મોત

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના જામવાડી ગામ નજીક ગૌશાળા પાસે ગાડીમાંથી લોખંડના પતરા ઉતારતી વખતે અકસ્માત સર્જાતા પતરા નીચે દબાઈ જવાથી ખેડૂતનું કરૂણ મોત થયું છે. પ્રાપ્ત વિગતો મુજબ, જામવાડી ગામના રહેવાસી કીર્તિકુમાર અરજણભાઈ સુતરીયા (ઉંમર ૬૫ વર્ષ) ગાડીમાંથી લોખંડના પતરા ઉતારી રહ્યા હતા. તે દરમિયાન અચાનક પતરા તેમના ઉપર પડી જતાં તેઓ પતરા નીચે દબાઈ ગયા હતા. આ બનાવમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતાં તથા પ્રાથમિક માહિતી મુજબ આઘાતના કારણે હૃદય બેસી જવાથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે તેમના ભાઈ સુભાષભાઈ અરજણભાઈ સુતરીયાએ

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com